॥ શ્રીહરિઃ ॥
॥ શ્રીવલ્લભાધીશો વિજયતેતમામ ॥

ભક્તિવર્ધિની

● લેખક ●

પ્રા. રમેશભાઈ વિ. પરીખ

● અંગ્રેજી અનુવાદ ●

શ્રી મહેશભાઈ શાહ, વડોદરા

● પ્રકાશક ●
શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
૩૨, શિવ સોસાયટી; વિભાગ-૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા - ૩૮૪૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦,
ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫

Bhaktivardhini
by Prof. Rameshbhai V. Parikh
Translated by Mahesh Shah
Jay Shri Krishna Marriage Bureau, Vadodara,
(M) 9426346364, 0265-2330083
email : info.megaserv@gmail.com

© કૉપીરાઈટ - શ્રી હરસાનીજી પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા

પ્રાપ્તિસ્થાન :

- **શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ** (રૂબરૂ અને પોસ્ટથી)
  'વૈષ્ણવ પરિવાર સદન', ૩૨, શિવ સોસાયટી; વિભાગ-૨,
  બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા-૩૮૪ ૦૦૨
  ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૩૨૬૩૫૩
  ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
  Email : shpct@hotmail.com
  Visit us at www.vaishnavparivar.org
- **શ્રી વિજયભાઈ એમ. દેસાઈ** (ફક્ત રૂબરૂમાં - સવારે ૧૧ થી સાંજે ૫)
  કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ.
  ફોન : (૦૨૨) ૨૨૦૧૦૦૮૪, ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮

પ્રથમ આવૃત્તિ : ડિસેમ્બર-૨૦૧૨

પુસ્તક પ્રકાશન સહાય : રૂ. ૧૫/-

મુદ્રક :
પુષ્ટિ પ્રિન્ટ્સ, મહેસાણા.

ભક્તિવર્ધિની

[રચના : શ્રીમહાપ્રભુજી]

ગ્રંથની રચના :

શ્રીમહાપ્રભુજી વિરચિત ષોડશગ્રંથોમાં આ 'ભક્તિવર્ધિની' ગ્રંથ અગિયારમો ગ્રંથ છે. તેની શ્લોક સંખ્યા પણ અગિયાર છે. આપણા હૃદયમાં પ્રભુ પ્રત્યેની ભક્તિ કેવી રીતે વધે તેનો ઉપાય શ્રીમહાપ્રભુજીએ આ ગ્રંથમાં બતાવ્યો છે.

શ્રીમહાપ્રભુજીએ આ ગ્રંથ પુરુષોત્તમ જોષી માટે રચ્યો હતો. પુરષોત્તમ જોષી ગુજરાતમાં સાબરકાંઠામાં આવેલા ઈડર પાસે વડાલી ગામમાં રહેતા હતા. તેઓ સાંચોરા બ્રાહ્મણ હતા. દરરોજ ત્રિકાળ સંધ્યા કરવા ગામના ગોંદરે આવેલા તળાવે જતા.

પુરુષોત્તમ જોષી ભગવાનની ઘણી પૂજા ઉપાસના કરતા. યજ્ઞ, જપ, અનુષ્ઠાન વગેરે કરતા. એમ કરતાં ઘણાં વર્ષો થયાં, પણ તેમને આ બધાંથી સંતોષ થતો ન હતો. તેમના મનમાં ઘણા પ્રશ્નો ઊઠતા, પરંતુ આજ સુધી એ પ્રશ્નોના જવાબ આપે એવું કોઈ તેમને મળ્યું ન હતું.

એક દિવસ તેઓ નિયમ મુજબ સંધ્યા કરવા તળાવે ગયા. જોગાનુજોગ શ્રીમહાપ્રભુજી પણ એ સમયે ત્યાં પધારેલા. પુરુષોત્તમ જોષીએ શ્રીમહાપ્રભુજીનાં દર્શન કર્યા. તેમને શ્રીમહાપ્રભુજીમાં દિવ્યતાનાં દર્શન થયાં. શ્રીમહાપ્રભુજીએ પણ પુરુષોત્તમ જોષીમાં રહેલા શુદ્ધ પુષ્ટિજીવને ઓળખ્યો.

તેઓ શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા. બે હાથ જોડી, મસ્તક નમાવી પ્રણામ કર્યા. શ્રીમહાપ્રભુજીએ પણ તેમને આવકાર્યા. સામે બેસવાની આજ્ઞા કરી. વિવેક અને નમ્રતાપૂર્વક પુરુષોત્તમ જોષી કહે છે : 'મહારાજ, આપના દર્શન પહેલીવાર કરું છું. પરિચય નથી. પરંતુ આપની પ્રતિભાથી

પ્રભાવિત થયો છું. એવું લાગે છે કે આપ મારા મનમાં ઊઠતા પ્રશ્નોના જવાબ આપશો. જો આપ આજ્ઞા આપો તો એક પ્રશ્ન પૂછું.'

'ભલે, પૂછો.' આપશ્રીએ આજ્ઞા આપી.

'મહારાજ કર્મમાર્ગ માટો કે જ્ઞાનમાર્ગ મોટો? ભગવાનને મેળવવા માટે બેમાંથી કયો માર્ગ સારો અને સરળ છે?'

'ભગવાનને મેળવવા માટેના બધા માર્ગ સારા અને સાચા છે. જેને જે માર્ગ અનુકૂળ આવે તે તેને માટે સારો. પરંતુ જો તમે મને પૂછતા હો તો હું તો એમ કહું કે આ બંને માર્ગો કરતાં ભક્તિમાર્ગ સારો અને સરળ છે.' શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું.

પુરુષોત્તમ જોષીને આશ્ચર્ય થયું. આજ સુધી તેઓ માત્ર કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગ એમ બે જ માર્ગ જાણતા હતા. તેઓ કહે છે : 'મહારાજ, હું ભક્તિમાર્ગ વિષે તો કંઈ જાણતો નથી. આપ મને આપનો સેવક કરો અને ભક્તિમાર્ગ વિશે સમજાવો.'

શ્રીમહાપ્રભુજીએ તે જ વખતે તેમને તળાવમાં સ્નાન કરાવી, બ્રહ્મસંબંધ મંત્રની દીક્ષા આપી. પછી ત્યાં જ આ 'ભક્તિવર્ધિની' ગ્રંથ રચીને શીખવ્યો.

પુરુષોત્તમ જોષીને ત્યાં પૂર્વજોના સમયથી શ્રીકૃષ્ણનું - શ્રીશ્યામસુંદરજીનું સ્વરૂપ બિરાજતું હતું. શ્રી મહાપ્રભુજીએ તે સ્વરૂપને સેવ્ય કર્યું. સેવાનો પ્રકાર શીખવ્યો.

થોડો સમય વડાલી રહ્યા પછી પુરુષોત્તમ જોષી દ્વારિકા ગયા. તેમના જીવનકાળ દરમ્યાન તેમણે આ ગ્રંથનું સતત રટણ અને ચિંતન કર્યું. તે પ્રમાણે જીવન જીવ્યા.

થોડા વર્ષો પછી તેમણે શ્રીમહાપ્રભુજીને પત્ર લખી જણાવ્યું : 'મહારાજ, મને ભક્તિમાર્ગ સુલભ થયો છે. ગમ્યો છે. અનુકૂળ આવ્યો છે. હવે મારું ચિત્ત પ્રસન્ન રહે છે. હવે મનમાં કોઈ સંદેહ નથી. પ્રશ્ન નથી. આપની કૃપાથી શ્રી ઠાકોરજીની લીલાનો અનુભવ થાય છે.'

આ એક સત્ય ઘટના છે. એ બતાવે છે કે કોઈ જીજ્ઞાસુને મહાત્મા મળે એ ભગવાનની કૃપા અને તે જીજ્ઞાસુને પ્રશ્ન જાગે તે વિશેષ કૃપા. વળી તે મહાત્મા દ્વારા ઉપદેશ રૂપે ભગવાનને પ્રાપ્ત કરવાનો સરળ ઉપાય મળે તે તો એનાથી યે મોટી કૃપા. આ ગ્રંથ એવા જિજ્ઞાસુ જનો માટે છે. જેમને ભગવાનને પ્રાપ્ત કરવા છે. તે માટેનો ઉપાય જાણવો છે. ગ્રંથ લખાયો છે તો પુરુષોત્તમ જોષી માટે પણ શ્રીમહાપ્રભુજી અને પુરુષોત્તમ જોષીની કૃપાથી આપણને પણ તે મળ્યો છે. આજથી લગભગ પાંચસો કરતાં પણ વધારે વર્ષ પહેલાં, ગુજરાતમાં વડાલીની ભૂમિ પર રચાયો છે. તેને આપણે શ્રદ્ધાપૂર્વક સમજવાનો અને શક્ય તેટલું જીવનમાં આચરવાનો પ્રયત્ન કરીએ.

શ્લોક-૧ :

યથા ભક્તિઃ પ્રવૃધ્ધા સ્યાત્ તથોપાયો નિરૂપ્યતે ।
બીજભાવે દૃઢે તુ સ્યાત્ ત્યાગાચ્છ્રવણ-કીર્તનાત્ ॥૧॥

સમશ્લોકી અનુવાદ

ને ખીલે ભક્તિ તો જેમ, તેવા વર્ણું ઉપાય હું,
બીજભાવ દૃઢ થાયે ત્યાગે, શ્રવણકીર્તને. (૧)

શબ્દાર્થ :

યથા = જેવી રીતે; ભક્તિ = ભક્તિ; પ્રવૃધ્ધા સ્યાત્ = વધે; તથા = તે પ્રકારે; ઉપાય = ઉપાય, નિરૂપ્યતે = કહેવામાં આવે છે; બીજભાવે = બીજભાવ; દૃઢે = દૃઢ; સ્યાત્ = થાય; તુ = અવશ્ય; ત્યાગાત્ = ત્યાગથી; શ્રવણકીર્તનાત્ = શ્રવણ અને કીર્તનથી.

શ્લોકાર્થ :

ભક્તિ જે પ્રકારે સારા પ્રમાણમાં વધે, તે પ્રકારનો ઉપાય કહેવામાં આવે છે. ત્યાગ અને શ્રવણ-કીર્તનથી બીજભાવ અવશ્ય દૃઢ થાય, ત્યારે ભક્તિ દૃઢ થાય છે.

સમજૂતિ :

આ પહેલા શ્લોકમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે આ ગ્રંથમાં મારા દ્વારા ભક્તિની વૃદ્ધિના ઉપાયનું નિરુપણ થઈ રહ્યું છે.

આપણે ગળામાં તુલસીકંઠી પહેરીએ, એકબીજાને જયશ્રીકૃષ્ણ કહીએ, મંદિરે દર્શન કરવા જઈએ કે ઘેર પ્રભુને મિસરીની કટોરી ધરી સ્તોત્રપાઠ બોલીએ, અષ્ટાક્ષરની માળા કરીએ અને પછી સ્વાર્થ માટે પ્રભુ પાસે કંઈક માગતા રહીએ. થોડી સેવા કરી ઝાઝો દેખાવ કરતાં રહીએ, સ્વાર્થ માટે કે બદલો મેળવવાની ભાવનાથી સેવા કરીએ, એ શું સાચી ભક્તિ છે?

ના-આ સાચી ભક્તિ નથી. ફક્ત બાહ્ય દેખાવ છે. તો ખરેખર ભક્તિ એટલે શું? ભક્તિ એટલે સ્નેહપૂર્વકની સેવા. સેવામાં 'સ્નેહપૂર્વક' શબ્દ મહત્ત્વનો છે. સ્નેહ વગરની સેવાને ભક્તિ કહી ન શકાય. સ્નેહપૂર્ણ સેવાને જ ભક્તિ કહેવાય. એક માતા પોતાના બાળકની સેવા વાત્સલ્યભાવથી કરે છે, પ્રેમથી કરે છે, અથવા એક પત્ની પોતાના પતિની સેવા પ્રેમથી કરે છે, તે રીતે પ્રેમપૂર્વક કરેલી સેવા એ ભક્તિ છે. પોતાના સુખનો ત્યાગ કરીને, ભગવાન માટે પોતાના સુખો છોડી દઈને, ભગવાન માટે ખપી જવાની ભાવના જાગે ત્યારે ભગવાન પ્રત્યેનો તે સ્નેહ ભક્તિનું રૂપ ધારણ કરે છે.

પરંતુ અહીં એ પણ યાદ રાખવાનું છે કે કેવળ સ્નેહ એટલે ભક્તિ નહિ. કોઈ એમ કહે કે મને ભગવાન માટે ખૂબ સ્નેહ છે, પણ સેવા ન કરતો હોય તો એ ભક્તિ ન કહેવાય. હૃદયમાં ભગવાન માટે રહેલો સ્નેહ સેવામાં પરિણમે ત્યારે તે ભક્તિ કહેવાય છે. શ્રીઠાકોરજી પ્રત્યેનું આપણું સ્નેહપૂર્વકનું વર્તન તેનું નામ ભક્તિ છે. સાચી ભક્તિ એ છે કે આપણું બધું પ્રભુને માટે આપી દઈએ. બદલામાં કશું માગીએ નહિ.

ભગવાનની સેવા સ્નેહપૂર્વક કરવી તેમજ તેમના માહાત્મ્યજ્ઞાનપૂર્વક પણ કરવી જોઈએ. પ્રભુનું માહાત્મ્ય જાણીને એ પણ યાદ રાખવું જોઈએ કે હું જીવ છું. ભગવાનનો અંશ છું. ભગવાનથી વિખૂટા પડ્યા પછી તેમને ભૂલી ગયો છું. તેમની સેવા કરવી અને તે પણ સ્નેહપૂર્વક સેવા કરવી તે મારી ફરજ છે.

પ્રભુનું માહાત્મ્યજ્ઞાન મેળવવું ભક્તિમાં શા માટે આવશ્યક છે એવો પ્રશ્ન થાય, તો એનો જવાબ એ છે કે પ્રભુનું માહાત્મ્ય જાણવાથી પ્રભુમાં આકર્ષણ વધે, દુનિયાનું આકર્ષણ ઓછું થતું જાય. પ્રભુમાં પ્રેમ વધે. દુનિયાની વસ્તુઓમાંથી પ્રેમ ઓછો થતો જાય.

શ્રીપ્રભુ માટે પ્રેમ જાગે એટલે બ્રહ્મસંબંધ લેવાની ઈચ્છા થાય. કોઈવાર બ્રહ્મસંબંધ પહેલાં થઈ ગયું હોય તો શ્રીઠાકોરજીમાં પ્રેમ થતાં એમની સેવા કરવાની ભાવના જાગે. સેવા કરતાં કરતાં પણ શ્રીઠાકોરજી માટેનો પ્રેમ વધતો રહે. આમ શ્રીઠાકોરજી માટે થયેલો સુદૃઢ અને સર્વથી અધિક પ્રેમ જે કોઈપણ સ્થિતિમાં ઓછો વત્તો ન થાય અને તેને કારણે શ્રીઠાકોરજીને સમર્પિત જીવન જીવાય ત્યારે તેને ભક્તિ કહેવાય. સાચા હૃદયથી, નિષ્કામભાવે, કોઈ સ્વાર્થ વગર મન-વાણી-કર્મથી શ્રીઠાકોરજીનાં સેવા-સ્મરણ કરવાં તે સાચી ભક્તિ છે. દા. ત. કોઈને ઘેર શ્રીયમુનાષ્ટકના સમૂહ પાઠ હોય ત્યારે તેમને ત્યાં આપણે શ્રીયમુનાષ્ટકના પાઠ કરવાની ભાવનાથી જઈએ એ ભક્તિ છે, પણ એ મનોરથીને રાજી રાખવા તેમને ઘેર થોડો સમય માટે જઈ આવીએ એ ભક્તિનો દેખાવ છે.

પ્રભુમાં પ્રેમ છે માટે સેવા કરીએ, સ્મરણ કરીએ, ગુણગાન કરીએ, તો એ ભક્તિ સાચી. આપણા સ્વાર્થ માટે કરીએ તો એ ભક્તિનો કેવળ દેખાવ છે.

ભગવાનની કૃપાથી જ જીવને ભક્તિ પ્રાપ્ત થાય છે. આપણી ઈચ્છાથી મળતી નથી. પ્રભુ જેનું વરણ કરે તેને પ્રાપ્ત થાય છે. પ્રભુની કૃપા આપણા ઉપર થઈ છે કારણ કે આપણું બ્રહ્મસંબંધ થયું છે. એટલે કે પ્રભુએ કૃપા કરીને આપણા હૃદયમાં ભક્તિનું બીજ રોપી દીધું છે.

હવે બીજ રોપાયા પછી એની માવજત પણ થવી જોઈએ. તેને ખેડ, પાણી, ખાતર, વાડ વગેરે મળવા જોઈએ. તેથી અહીં શ્રીમહાપ્રભુજી

આજ્ઞા કરે છે કે ભગવદ્કૃપાથી તમને ભક્તિના બીજનું દાન થયું છે, પણ તેની માવજત કેવી રીતે કરવી તે તમે જાણતા નથી. તે હું તમને આ ગ્રંથમાં બતાવું છું : ‘જેવી રીતે ભક્તિની વૃદ્ધિ થાય તેના પ્રકારનું નિરૂપણ કરવામાં આવે છે.’ પહેલા શ્લોકની પહેલી પંક્તિમાં આજ્ઞા કરે છે કે ત્યાગ અને શ્રવણ-કીર્તનથી ભક્તિનો બીજભાવ દઢ થાય છે. ભક્તિના બીજને અંકુર ફૂટે છે.

ભક્તિના ભાવની રક્ષા માટે પહેલો ત્યાગ બતાવ્યો. પ્રશ્ન થાય કે શાનો ત્યાગ કરવાનો? તો ભક્તિમાં જે નડતરરૂપ વસ્તુઓ છે તેનો ત્યાગ કરવાનો. મનમાંથી લૌકિક સુખોના મોહનો ત્યાગ કરવાનો. જીવન સાત્ત્વિકતાથી જીવવાનું. બીજો ત્યાગ શ્રીઠાકોરજીની સેવા માટે ઉપયોગી ન હોય તેવાં કાર્યોનો કરવાનો. ત્રીજો ત્યાગ લૌકિક ઈચ્છાઓનો કરવાનો. ચોથો ત્યાગ અભિમાનનો કરવાનો, કારણ કે ભક્તિમાં દીનતા જરૂરી છે. પાંચમો ત્યાગ નિંદાસ્તુતિનો કરવાનો. છઠ્ઠો ત્યાગ અન્યાશ્રયનો, સાતમો ત્યાગ પ્રતિષ્ઠાના મોહનો અને છેલ્લો આઠમો ત્યાગ આસુરી દ્રવ્યનો કરવાનો છે.

આ આઠ ત્યાગવાથી આપણા હૃદયમાં રહેલું ભક્તિનું બીજ નાશ પામતું નથી.

ત્યારપછી શ્રીમહાપ્રભુજી ભક્તિના બીજને અંકુરિત થવા માટે જરૂરી બે બાબતો બતાવે છે. શ્રવણ અને કીર્તન, ભગવદ્કથાનું શ્રવણ કરવું અને ભગવાનના ગુણોનું ગાન કરવું. આ બે બાબતો ભક્તિમાં વૃદ્ધિ કરનારી છે.

ભગવદીયોના મુખેથી જ ભગવાનની કથાનું શ્રવણ કરવું. ભક્તોની સાથે બેસીને ભગવદ્ ગુણોનું કીર્તન કરવું. તેનાથી ભક્તિનો ભાવ દઢ થતો જાય છે.

આમ આ પહેલા શ્લોકમાં શ્રીમહાપ્રભુજીએ આપણા હૃદયમાં રહેલા ભક્તિભાવને સાચવવા અને દઢ કરવા કથાશ્રવણ અને ભગવદ્ગુણગાનનું કીર્તન એવા બે માર્ગ બતાવ્યા. સાથે લૌકિક સુખોનો અને લૌકિક જનોનો ત્યાગ કરવાની પણ આજ્ઞા કરી.

શ્લોક-૨ :

બીજદાઢર્ય-પ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ ।
અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણં પૂજ્યા શ્રવણાદિભિઃ ॥૨॥

સમશ્લોકી અનુવાદ :

બીજ દઢતાની રીત : સ્વધર્મ ઘરમાં રહી,
અવ્યવહારિક ભજે કૃષ્ણ પૂજાથી શ્રવણાદિથી.

શબ્દાર્થ :

બીજદાઢર્યપ્રકારઃ = બીજ દઢ કરવાનો પ્રકાર; તુ = એવો છે કે, ગૃહે = ઘરમાં, સ્થિત્વા = રહીને, સ્વધર્મતઃ = પોતાના ધર્મ પ્રમાણે, અવ્યાવૃતો = બીજાનો સંગ કર્યા વિના, ભજેત્ = સેવા કરવી, કૃષ્ણમ્ = કૃષ્ણની, પૂજ્યા = પૂજા વડે, શ્રવણાદિભિઃ = શ્રવણ વગેરે વડે.

શ્લોકાર્થ :

બીજ દઢ કરવાનો પ્રકાર એવો છે કે બીજાનો સંગ કર્યા વિના, ઘરમાં રહીને પોતાના ધર્મ પ્રમાણે પૂજા અને શ્રવણ વગેરે વડે કૃષ્ણની સેવા કરવી.

સમજૂતિ :

આ ગ્રંથના પહેલા શ્લોકમાં શ્રીમહાપ્રભુજીને આજ્ઞા કરી કે ત્યાગ, શ્રવણ અને કીર્તનથી ભક્તિનું બીજ દઢ થાય છે. તે બીજને પોષણ મળતાં તેમાંથી ભક્તિનો અંકુર ફૂટે છે.

હવે આ બીજા શ્લોકમાં ભક્તિનો અંકુર ફૂટવાનો પ્રકાર બતાવે છે. આપ આજ્ઞા કરે છે કે જેમણે ભક્તિનો વિકાસ કરવો છે તેમણે પોતાના ઘરમાં જ રહેવું પડશે. ગૃહસ્થાશ્રમ વિના ભક્તિનો વિકાસ કરવો મુશ્કેલ બને છે. કારણ કે બહાર ફરવાથી દુઃસંગ લાગે છે. પારકું અન્ન ખાવાથી

વિવિધ પ્રકારના અન્નદોષ પણ લાગે છે. મન ચારે બાજુ ભટકતું રહે છે. તેથી વૈષ્ણવે પોતાના ઘરમાં રહેવું ઈચ્છનીય છે. ભકિતની વૃદ્ધિ માટે આ પહેલી શરત કહી.

બીજી શરત એ કહે છે કે ઘરમાં રહી સ્વધર્મનું પાલન કરવું. વૈષ્ણવનો સ્વધર્મ ભગવદ્ સેવા કરવાનો છે. તેથી વૈષ્ણવે ઘરમાં રહી ભગવદ્ સેવા કરવી.

ત્રીજી શરત બતાવે છે કે વૈષ્ણવે શક્ય હોય તો અવ્યાવૃત્ત થઈને સેવા કરવી. અવ્યાવૃત્ત શબ્દનો અર્થ સામાન્ય રીતે આપણે એવો સમજીએ છીએ કે ઘરબાર છોડી દઈ, નોકરી ધંધો છોડી દઈ, એકલા એકાંતમાં રહી ભગવદ્ સેવા કરવી. પણ ખરેખર તેનો આવો અર્થ નથી. અવ્યાવૃત્ત એટલે વૈષ્ણવે પોતાના મનને લૌકિકમાંથી હટાવી પ્રભુમાં જોડી દેવું તે. મન પ્રભુમાં એકાગ્ર થાય તેવી મનની સ્થિતિને અવ્યાવૃત્તિ કહેવાય.

તેથી શ્રીમહાપ્રભુજી અહીં આજ્ઞા કરે છે કે વૈષ્ણવે શક્ય બને તેટલું મનને સેવા-સ્મરણના સમય દરમ્યાન સર્વ લૌકિક બાબતો અને વ્યક્તિઓથી દૂર હટાવી લઈ, શ્રીઠાકોરજીમાં જોડાયેલું રાખવું. મન સેવામાં પરોવાયેલું રાખવું. સેવા દરમ્યાન મનને બીજે ભટકવા ન દેવું. આવી રીતે અવ્યાવૃત્ત બનવું અંને સ્વગૃહમાં રહી, ભગવદ્ સેવાને સ્વધર્મ સમજી સેવા કરવી.

આ શ્લોકમાં શ્રીમહપ્રભુજી કોની સેવા કરવી તે પણ બતાવે છે. તેઓ આજ્ઞા કરે છે કે કૃષ્ણની સેવા કરવી, કારણકે કૃષ્ણ પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ છે. તેમનાથી મોટું બીજું કોઈ નથી.

કૃષ્ણની સેવા કેવી રીતે કરવી તે પણ બતાવે છે. ભક્તિનાં નવ સોપાનો છે. શ્રવણ, કીર્તન, સ્મરણ, અર્ચન, પાદસેવન, વંદન વગેરે. આ બધા સોપાનોનો ઉપયોગ સેવામાં કરવો શ્રીપ્રભુને પરિવારના સભ્ય ગણીને તેમના સુખ માટે સેવા કરવી, સાથે સાથે ભગવદ્ કથાનું શ્રવણ, કીર્તન, સ્મરણ વગેરે કરવું. સેવા અને સત્સંગ કરતા રહેવાથી ભક્તિની વૃદ્ધિ થાય છે.

શ્લોક-૩ :

વ્યાવૃત્તોપિ હરૌ ચિત્તં શ્રવણાદૌ યતેત્ સદા ।
તતઃ પ્રેમ તથાસક્તિ - વ્યર્સનં ચ યદા ભવેત્ ॥૩॥

સમશ્લોકી અનુવાદ :

કે મથે વ્યવહારીયે, હરિમગ્ન કથાદિમાં,
તો થાયે પ્રેમઆસક્તિ, થાયે વ્યસન ત્યાહરે. ૩

શબ્દાર્થ :

વ્યાવૃત્તઃ = લૌકિક સંગ થાય, **અપિ** = તો પણ; **હરૌ** = હરિમાં; **ચિત્તં** = ચિત્ત રાખીને, **શ્રવણાદૌ** = શ્રવણ વગેરે માટે, **યતેત્** = પ્રયત્ન કરવો, **સદા** = હંમેશા, **તતઃ** = તથા, **આસક્તિઃ** = આસક્તિ, **વ્યસન** = વ્યસન, **ચ** = અને; **યદા** = જ્યારે, **ભવેત્** = થાય છે.

શ્લોકાર્થ :

લૌકિક સંગ થાય તો પણ શ્રીહરિમાં ચિત્ત રાખીને સદા શ્રવણ વગેરે માટે પ્રયત્ન કરવો. તેનાથી પ્રેમ, આસક્તિ અને વ્યસન જ્યારે થાય ત્યારે બીજભાવ દૃઢ થાય છે.

સમજૂતિ :

શ્રીમહાપ્રભુજીએ આ 'ભક્તિવર્ધિની' ગ્રંથમાં આપણા હૃદયમાં શ્રીકૃષ્ણ પ્રત્યેની ભક્તિ કેવી રીતે વધે તેના ઉપાયો બતાવ્યા છે. બીજા શ્લોકમાં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે અવ્યાવૃત્ત થઈને એટલે કે લૌકિક વ્યવહારોમાંથી મનને હટાવી દઈને પ્રભુમાં જોડવું. મન પ્રભુમાં એકાગ્ર કરવું. લૌકિક કાર્યો કરતાં પણ મન પ્રભુમાં રાખવું. ભગવદ્સેવામાં અનુકૂળ હોય તેમની સાથે રહી શ્રી ઠાકોરજીની સેવા કરવી.

પરંતુ આપણો અનુભવ એવો છે કે મન અવ્યાવૃત્ત બની શકતું નથી. મન લૌકિક કાર્યો, વિચારો, આજીવિકા માટેના પ્રયત્નો વગેરેમાં

વ્યસ્ત રહે છે. લૌકિક સંસારમાં વ્યસ્ત રહે છે. પરિણામે ઘણા પ્રયત્નો કરવા છતાં સેવા-સ્મરણમાં તે એકાગ્ર બની શકતું નથી.

આ સંજોગોમાં પ્રશ્ન થાય કે તો પછી આપણે પુષ્ટિભક્તિના માર્ગે ચાલવા શું કરવું? શ્રીમહાપ્રભુજી આપણા જેવા વ્યાવૃત્ત ચિત્તવાળા ભક્તો માટેનો ઉપાય આ ત્રીજા શ્લોકમાં બતાવે છે.

આપશ્રી આજ્ઞા કરે છે કે પ્રભુમાં બે રીતે મન લાગે, પ્રેમ થાય. એક સેવાના માર્ગે અને બીજા કથાશ્રવણના માર્ગે. કેટલાક ભક્તોને સેવા અને કથા બંનેમાં આસક્તિ હોય છે. કેટલાકને ફક્ત સેવા કરવાનું ગમે છે. કેટલાકને કથાશ્રવણ કરવાનું ગમે છે.

સેવા કરતાં કરતાં ભગવાન પ્રત્યે પ્રેમ વધતો જાય. જેમ જેમ પ્રેમ વધતો જાય તેમ તેમ મન લૌકિકમાંથી નીકળી ભગવાનમાં લાગતું જાય. જ્યારે મન પૂરેપૂરું પ્રભુમાં લાગી જાય ત્યારે ચિત્તની એ સ્થિતિને 'નિરોધ' કહેવાય છે. સેવા અને કથા બંને માર્ગે પુષ્ટિજીવોને નિરોધ સિદ્ધ થઈ શકે છે. જે અવ્યાવૃત્ત જીવો છે તેમને સેવા અને કથા બંને દ્વારા નિરોધ સિદ્ધ થાય છે. પરંતુ જે વ્યાવૃત જીવો છે, એમને વિશેષ કરીને કથાશ્રવણ દ્વારા નિરોધ સિદ્ધ થાય છે. માટે શ્રીમહાપ્રભુજી આ શ્લોકમાં વ્યાવૃત્ત જીવો માટે કથાશ્રવણનો માર્ગ બતાવે છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે શ્રી ઠાકોરજીની કથાઓનું શ્રવણ, કીર્તન, સ્મરણ વગેરે કરવાથી પણ મન શ્રીઠાકોરજીમાં લાગે છે. પ્રભુની કથા, કીર્તન વગેરેથી પ્રભુનું માહાત્મ્ય સમજાય છે. પ્રભુનો મહિમા જાણવાથી ખ્યાલ આવે છે કે ત્રણે લોકમાં ભગવાન શ્રીકૃષ્ણ જ સૌથી શ્રેષ્ઠ છે. પરિણામે તેમનામાં પ્રેમ-ભક્તિ જાગે છે, કારણકે જે શ્રેષ્ઠ હોય તેમના પ્રત્યે જ પ્રેમ જાગે. તેમની ભક્તિ કરવાથી આનંદ પ્રાપ્ત થાય. કથાશ્રવણથી આપણને પ્રભુની શ્રેષ્ઠતાનું, ભગવાનમાં રહેલા દિવ્ય ગુણોનું જ્ઞાન થાય છે. તેનાથી ભક્તિની વૃદ્ધિ કરવાની પ્રભુ કૃપા કરે છે.

આજના સમયમાં સેવા વિશેષ કઠણ બની છે, ત્યારે કથાશ્રવણ, કીર્તન, સ્મરણનો માર્ગ થોડો સરળ, સુલભ છે.

જેમ કોઈ વિદ્યાર્થીને ગ્રેજ્યુએટ થવું હોય, કોઈ મોટી ડીગ્રી મેળવવી હોય, ત્યારે તેણે વર્ષો સુધી અભ્યાસ કરવો પડે છે. પુષ્કળ વાંચવું પડે છે, સખત મહેનત કર્યા પછી ડીગ્રી મળે છે. તેમ પ્રભુમાં નિરોધ સિદ્ધ કરવા માટે જીવનભર પ્રયત્ન કરવો પડે છે. બધા પ્રયત્નો પછી થોડોક નિરોધ સિદ્ધ થાય છે. માટે શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે 'યતેત્ સદા' - તમે નિરાશ થયા વિના, શ્રદ્ધા રાખીને નિત્યનિયમપૂર્વક કથાશ્રવણ કરજો. જે કથાનું શ્રવણ કરો તેનું કીર્તન અને સ્મરણ પણ કરજો. આમ કરવાથી પ્રભુમાં પ્રેમ-ભક્તિ જાગશે.

આમ બીજા અને ત્રીજા શ્લોકમાં શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે ભક્તિરૂપી બીજના અંકુર બે પ્રકારે ફૂટે છે. (૧) અવ્યાવૃત્ત ચિત્તથી સેવા અને કથા કરવાથી અને (૨) વ્યાવૃત્ત ચિત્તથી કથા, કીર્તન, સ્મરણ કરવાથી.

અંકુર ફૂટ્યા પછી ભક્તિરૂપી બીજમાંથી વૃક્ષ બને છે. વૃક્ષ ઉપર સુંદર પાન આવે છે, ફૂલ આવે છે, ફળ પણ આવે છે. ભક્તિરૂપી વૃક્ષના પાન એટલે ભગવાનમાં પ્રેમ, ભક્તિરૂપી વૃક્ષનાં ફુલ એટલે આસક્તિ અને ભક્તિરૂપી વૃક્ષનું ફળ એટલે ભગવાનનું વ્યસન.

ભક્તિરૂપી વૃક્ષ જેમ મોટું થતું જાય અર્થાત્ ભગવાનની સેવા અને કથા કીર્તન દ્વારા ભક્તિનો જેમ જેમ વિકાસ થતો જાય તેમ તેમ આ ત્રણ અવસ્થાઓ ધીરે ધીરે પ્રાપ્ત થતી જાય છે. ભક્તિની પહેલી અવસ્થા પ્રેમ અવસ્થા છે. પછી આસક્તિ અવસ્થા છે અને અંતિમ અવસ્થા વ્યસન છે. પ્રેમ, આસક્તિ અને વ્યસનનાં લક્ષણ કેવાં હોય તે શ્રીમહાપ્રભુજી હવે પછીના શ્લોકમાં બતાવશે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જ્યાં સુધી બીજમાંથી અંકુર ફૂટ્યો ન હોય અને તે વૃક્ષરૂપ બન્યો ન હોય ત્યાં સુધી બીજ નાશ પામવાનો ભય રહે છે. પરંતુ એકવાર બીજમાંથી વૃક્ષ બની ગયા પછી બીજ નાશ પામવાનો કોઈ ભય રહેતો નથી. એ રીતે

જેમનામાં ભક્તિ દૃઢ થઈ છે, ભક્તિરૂપી બીજમાંથી અંકુર ફુટીને વૃક્ષ બન્યું છે એમને હવે ભક્તિરૂપી બીજની ચિંતા કરવાનું કોઈ કારણ નથી. બીજમાંથી વૃક્ષ પરિપક્વ થઈ ગયા પછી બીજ નાશ પામવાનો ભય રહેતો નથી. ભક્તિનું બીજ દૃઢ થઈ ગયા પછી કોઈ પ્રકારે નાશ પામતું નથી.

શ્લોક-૪ :

બીજં તદુચ્યતે શાસ્ત્રે દૃઢં યન્નાપિ નશ્યતિ ।
સ્નેહાદ્-રાગવિનાશઃ સ્યાદાસકત્યા સ્યાદ્ ગૃહારુચિઃ ॥૪॥

સમશ્લોકી અનુવાદ :

શાસ્ત્રમાં દૃઢ ભાખ્યું તે બીજને, જે ન વીણસે,
સ્નેહે રાગ નાશ પામે, અભાવ આસક્તિથી ગૃહે. ૪

શબ્દાર્થ :

બીજં = બીજ; તદ્ = તે; ઉચ્યતે = કહેવાયું છે, શાસ્ત્રે = શાસ્ત્રમાં; દૃઢમ્ = દૃઢ; યત્ = જે, ન = નહીં, અપિ = પણ; નશ્યતિ = નાશ પામે છે; સ્નેહાત્ = સ્નેહથી, રાગવિનાશઃ = રાગનો નાશ; સ્યાત્ = થાય છે; આસકત્યા = આસક્તિથી, સ્યાદ્ = થાય છે, ગૃહારુચિઃ = ઘરમાં અરુચિ.

શ્લોકાર્થ :

જેનો કદી પણ નાશ થતો નથી, તે બીજને શાસ્ત્રમાં દૃઢ કહ્યું છે. તે બીજ દૃઢ થતાં સ્નેહથી રાગોનો નાશ થાય છે. આસક્તિથી ઘરમાં અરુચિ થાય છે.

સમજૂતિ :

આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજી આપણને વિશ્વાસ બંધાવે છે કે જો તમે આગળના શ્લોકમાં જણાવ્યું તે પ્રમાણે અવ્યાવૃત્તિપૂર્વક કૃષ્ણની સેવા અને કૃષ્ણની કથામાં તત્પર રહેશો અથવા અવ્યાવૃત્ત ન થવાય તો પણ

પ્રભુની કથા શ્રવણ-કીર્તન-સ્મરણ વગેરે કરતાં રહેશો તો તમને એક દિવસ જરૂર પ્રભુમાં પ્રેમ જાગશે અને પ્રભુમાં આસક્તિ થશે. તમારા હૃદયમાં પ્રભુએ ભક્તિનું જે બીજ રોપ્યું છે તેનો કોઈપણ પ્રકારે કદાપિ નાશ થશે નહિ.

જેમ બીજમાંથી અંકુર ફૂટીને પછી તેમાંથી વૃક્ષ બને, તેને પાન આવે તેમ હૃદયમાં રહેલા ભક્તિરૂપી બીજનો અંકુર ફૂટ્યા પછી વૃક્ષ બને છે, ત્યારે તેમાં સ્નેહરૂપી પાન આવે છે. ભગવાન પ્રત્યે સ્નેહ જાગે છે. પ્રભુમાં પ્રેમ થવો એ ભક્તિની પહેલી અવસ્થા છે.

આ સ્નેહ એ મનુષ્યની મૂળભૂત વૃત્તિ છે. દરેકના હૃદયમાં પછી તે ક્રૂર હોય તો પણ - તેના હૃદયમાં પણ સ્નેહની વૃત્તિ તો રહેલી જ હોય છે. એવો કોઈ માણસ નહિ હોય જેના હૃદયમાં સ્નેહની વૃત્તિ જોવા ન મળે, શાસ્ત્રો કહે છે કે મનુષ્યના હૃદયમાં આ સ્નેહનું તત્ત્વ એટલા માટે રહેલું છે કે મનુષ્યનો આત્મા ભગવાનનો અંશ છે. ભગવાન સ્વયં આનંદરસનું સ્વરૂપ છે. તેથી જીવાત્મામાં પણ એ સ્નેહ ગુપ્ત રીતે રહેલો છે. જગતના કણકણમાં એ પ્રેમસ્વરૂપ પરમાત્મા વ્યાપેલો છે, તેથી જગતમાં જે કંઈ સુંદર છે, મધુર છે, આનંદમય છે, તેના પ્રત્યે આપણા હૃદયમાં સ્નેહ-પ્રેમ જાગે છે. જેમ લોહચુંબક લોખંડના કણોને ખેંચે છે, તેમ જગતમાં વ્યાપક પ્રેમ સ્વરૂપ પ્રભુ આપણાં હૃદયોને એમના સ્નેહતત્ત્વથી એમના તરફ ખેંચે છે. આપણને જગતની વ્યક્તિઓ, વસ્તુઓ, વિષયો વગેરેમાં સ્નેહ જાગે છે.

જગતની આ બધી બાબતો તરફનો આપણો સ્નેહ 'રાગ' કહેવાય છે. આ રાગ-સ્નેહ શુદ્ધ કે સાચો હોતો નથી. એનો હેતુ આપણો સ્વાર્થ હોય છે. આપણા મનને, શરીરને, ઈંદ્રિયોને એ વસ્તુઓથી સુખ મળતું હોય છે, તેથી આપણે તેનો ભોગ ભોગવવા તત્પર થઈએ છીએ. સરસ મજાનું ભોજન મળે તો આપણી જીભ અને મનને મજા આવી જાય છે. લાડુ અને ગુલાબજાંબુ મળે તો મન ખુશ ખુશ થઈ જાય છે. આ મજા અને સુખ જે વસ્તુઓ. આપણને આપે તે આપણી પ્રિય વસ્તુઓ બની

જાય છે. તેમના પ્રત્યે આપણને સ્નેહ જાગે છે. પરંતુ લાડુ કે ગુલાબજાંબુ કે ભાવતું ભોજન માણ્યા પછી જ્યારે તબિયત બગડે, કોઈક રોગ થાય ત્યારે આ વસ્તુઓ પ્રત્યેનો આપણો સ્નેહ ચાલ્યો જાય છે. એ રીતે દરેક લૌકિક વસ્તુઓનું છે. એ વસ્તુઓ આપણને સુખ આપે ત્યાં સુધી આપણને તેમનામાં સ્નેહ રહે છે પણ જે ઘડીએ તેમના તરફથી આપણને સુખ મળતું બંધ થાય, તે જ ઘડીએ આપણો તેમના તરફનો સ્નેહ ઘટી જાય છે અથવા નાશ પામે છે.

આ રીતે જગતના સ્નેહનું તત્ત્વ ક્ષણિક છે. તેનું અંતિમ પરિણામ દુઃખદ છે અને તે સ્નેહ સ્વાર્થ પર આધારિત છે. આ સ્નેહનું બંધન માણસને અહંતા-મમતામાં ફસાવે છે. સંસારમાં ફસાવે છે. તેની અધોગતિ કરે છે. જન્મમરણના ચક્કરમાં ફરતો રાખે છે. જ્યાં સુધી આ ‘રાગ’નો નાશ ન થાય, અહંતા-મમતા ન છૂટે ત્યાં સુધી તેને ભગવદ્પ્રાપ્તિ થતી નથી.

તો આવા લૌકિક રાગમાંથી છૂટવું કેવી રીતે? મન લૌકિકમાં લાગેલું હોય ત્યાં સુધી અલૌકિકમાં લાગતું નથી. મન એકી વખતે એક જ જગ્યાએ લાગે. આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજી લૌકિકમાંથી – રાગમાંથી મનને હટાવવાનો માર્ગ બતાવે છે. આપશ્રી સમજાવે છે કે લૌકિક પદાર્થો, વસ્તુઓ, પરિસ્થિતિઓ વગેરેમાંથી આપણા મનને હટાવીને અલૌકિક એવા પ્રભુ સાથે મેળવી દેવું, કારણ મનનો એવો સ્વભાવ છે કે તે સુંદર, મધુર તત્ત્વ તરફ હંમેશા આકર્ષાય છે.

લૌકિક કરતાં અનેકગણી વધારે અલૌકિક સુંદરતા અને મધુરતા ધરાવતા શ્રીઠાકોરજીનો જો આપણને પરિચય થાય તો મન તત્કાળ એમનામાં રહેલી મધુરતા અને સુંદરતા તરફ આકર્ષાશે. તે સાથેજ લૌકિક સુંદરતા અને મધુરતામાંથી મન નીકળી જશે.

શ્રીમહાપ્રભુજીએ આગળના શ્લોકમાં મધુર એવા શ્રીઠાકોરજીનો પરિચય કેવી રીતે થાય તે પણ બતાવ્યું છે – સેવા અને કથા દ્વારા. આ બંને દ્વારા પ્રભુની અલૌકિકતાનો પરિચય થતાં આપોઆપ પ્રભુમાં સ્નેહ જાગે છે.

જેમ પાણી ભરેલા વાસણમાંથી ધીરે ધીરે પાણી ખાલી કરવામાં આવે તો આપોઆપ એ ખાલી જગ્યામાં હવા ભરાતી જાય છે, તેમ શ્રીપ્રભુના સુંદર સ્વરૂપ તરફ મન ખેંચાય, તો તરત જ મનમાંથી લૌકિક સ્નેહની વૃત્તિ બહાર નીકળી જાય છે. પ્રભુમાં સ્નેહ થયો ત્યારે જ જાણવો કે જ્યારે આપણું મન લૌકિક આકર્ષણોથી દૂર હટી જાય. જ્યાં સુધી લૌકિક વસ્તુઓમાં મન લાગેલું રહે, ત્યાં સુધી પ્રભુમાં પાકે પાયે પ્રેમ થયેલો ગણાય નહિ.

શ્રીઠાકોરજીની કથા-વાર્તા-ગુણગાન વગેરે સાંભળ્યા પછી શ્રીઠાકોરજીમાં પ્રેમ થાય, અને એ પ્રેમ કદી પણ ઓછો ન થાય ત્યારે જાણવું કે શ્રીઠાકોરજીમાં આપણને સાચો સ્નેહ થયો છે. આ સ્નેહને કારણે આપણું મન શ્રીઠાકોરજીમાં જ લાગેલું રહે. લૌકિકની કોઈ વાત મનને સતાવે નહિ. શ્રીઠાકોરજીનાં દર્શન ન થાય તો વિરહમાં શરીર તાવ આવ્યો હોય તેમ તપી જાય ત્યારે જાણવું કે આપણને શ્રીઠાકોરજીમાં સાચો, પાકો પ્રેમ થયો છે.

હંમેશાં શ્રીઠાકોરજીનાં દર્શન કરવાનું મન થાય, દર્શન ન થતાં હોય ત્યારે પણ મનમાં વારંવાર તેમનું જ સ્મરણ થયા કરે, તેમનાં દર્શનની જ મનમાં અભિલાષા રહ્યા કરે, દર્શન ન થાય તો મનમાં દર્શન માટે વિરહતાપ રહે, ત્યારે જાણવું કે પ્રભુમાં સાચો સ્નેહ થયો છે.

આમ શ્રીમહાપ્રભુજી ભક્તિરૂપી વૃક્ષને ભગવદ્સ્નેહરૂપી પાન કેવી રીતે ફૂટે છે તે સમજાવ્યા પછી હવે એ વૃક્ષની ડાળીઓ ઉપર ફૂલ કેવાં ખીલે છે તે બતાવે છે.

ભક્તિરૂપી વૃક્ષ ઉપર જેમ ભગવદ્સ્નેહ રૂપી પાન આવે છે તેમ આસક્તિરૂપી ફૂલ પણ ખીલે છે. આ આસક્તિ થઈ છે તે કેવી રીતે સમજાય? શ્રીમહાપ્રભુજી કહે છે કે, ‘સ્યાદ્ ગૃહારુચિઃ’ સ્યાદ્ એટલે થાય છે. ગૃહારુચિઃ એટલે ઘરમાં અરુચિ થાય છે. આસક્તિ એટલે ઉત્કટ પ્રેમ, પ્રભુમાં જ્યારે ઉત્કટ પ્રેમ થાય ત્યારે શ્રીમહાપ્રભુજી કહે છે કે ઘરમાં અરુચિ થાય છે. ઘરની આસક્તિ છૂટવા માંડે છે.

અહીં ઘર એટલે માત્ર રહેઠાણ નહિ, પરંતુ ઘર શબ્દમાં રહેવાના મકાનની સાથે સાથે પરિવાર, વ્યવસાય, સામાજિક જવાબદારીઓ વગેરે બધી બાબતોનો સમાવેશ થાય છે. 'સક્ત' એટલે ચોંટવું. જ્યારે મન પૂરેપુરું શ્રીઠાકોરજીમાં જ ચોંટી જાય ત્યારે એ મનને પોતાના પરિવાર માટે લગાવ રહેતો નથી. પરિવાર સાથે લૌકિક વ્યવહાર ફાવતો નથી. એવી જ રીતે લૌકિક વ્યવસાયમાં પણ તે મન રાખીને કામ કરતો નથી. તેને તેની સામાજિક જવાબદારીઓ પણ અકળાવે છે. કારણ સામાજિક જવાબદારીઓ પાર પાડવામાં તેને પ્રભુ સાથે માનસિક જોડાણ રહેતું નથી.

વ્રજની ગોપીઓએ ઉદ્ધવજીને કહ્યું હતું : 'હે ઉદ્ધવ, અમારે એક જ મન છે. એ મન શ્યામસુંદરને આપી દીધું છે. અમારે દસ વીસ મન નથી. તો જ્ઞાન-યોગ-તપ કરવા માટે બીજા મન ક્યાંથી લાવીએ?'

એવી જ રીતે ગોવિંદસ્વામીએ પણ એમનાં બહેનને કહ્યું હતું કે, 'મારી પાસે એક જ મન છે. તે શ્રીગોવર્ધનનાથજીમાં લાગી ગયું છે. હવે દીકરી સાથે વાત કરવા બીજું મન ક્યાંથી લાવું?' આવી બાબતો ભગવાન પ્રત્યેની આસક્તિ સૂચવે છે.

જ્યારે શ્રીઠાકોરજી સિવાય મન ક્યાંય લાગે નહિ. શ્રીઠાકોરજીથી અલગ રહી શકાય નહિ. શ્રીઠાકોરજીનાં દર્શન ન થાય તો મન આકુળ-વ્યાકુળ થઈ જાય, આવી મનની સ્થિતિને આસક્તિ કહેવાય છે.

પ્રભુનાં સેવા સ્મરણ કરતાં રહેવાથી, કથાશ્રવણ કરવાથી આ રીતે પ્રભુમાં પ્રેમ અને આસક્તિ થાય છે. શ્રીમહાપ્રભુજી કહે છે કે પ્રભુમાં જેને આવાં પ્રેમ અને આસક્તિ થાય છે, તેમનાં હૃદયમાં રહેલું ભક્તિનું બીજ દઢ થઈ જાય છે. પછી તેનો નાશ થતો નથી. આ શ્લોકમાં ભક્તિરૂપી વૃક્ષના પાન અને ફૂલ બતાવ્યાં પછી હવે આગળના પાંચમા શ્લોકમાં શ્રીમહાપ્રભુજી ભક્તિરૂપી વૃક્ષનાં ફળને બતાવશે.

શ્લોક-૫ :

ગૃહસ્થાનાં બાધકત્વં અનાત્મત્વં ચ ભાસતે ।
યદા સ્યાદ્ વ્યસનં કૃષ્ણે કૃતાર્થઃ સ્યાત્તદૈવ હિ ॥૫॥

સમશ્લોકી અનુવાદ :

ને ભાસે ઘરનાં ત્હેને ને પોતાનાં જ બાધક
વ્યસન કૃષ્ણનું લાગે, થાય કૃતાર્થ ત્યાહરે. (૫)

શબ્દાર્થ :

ગૃહસ્થાનાં = ઘરમાં રહેનારાઓમાં, **બાધકત્વમ્** = વિઘ્ન કરનાર હોવાપણું, **અનાત્મત્વમ્** = આત્મા ન હોવાપણું, **ચ** = અને, **ભાસતે** = જણાય છે, **યદા** = જ્યારે, **સ્યાદ્** = થાય, **વ્યસનમ્** = વ્યસન, **કૃષ્ણે** = કૃષ્ણમાં, **કૃતાર્થઃ** = કૃતાર્થ, **સ્યાત્** = થાય, **તદૈવ** = ત્યારે, **હિ** = ખરેખર.

શ્લોકાર્થ :

ઘરમાં રહેનારાઓ સાથેનો સંબંધ બાધક બને છે અને તેમનામાં આત્મીયતા જાગતી નથી; જ્યારે શ્રીકૃષ્ણમાં વ્યસન થાય, ત્યારે જ ખરેખર કૃતાર્થ થાય છે.

સમજૂતિ :

આ ગ્રંથના ચોથા શ્લોકમાં શ્રીમહાપ્રભુજીએ ભક્તિરૂપી વૃક્ષનાં પાન અને ફૂલ - શ્રીઠાકોરજીમાં પ્રેમ અને આસક્તિ બતાવ્યાં. હવે આ પાંચમા શ્લોકમાં ભક્તિરૂપી વૃક્ષનાં ફળને બતાવે છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જેમને ભગવાનમાં પ્રેમ અને આસક્તિ થાય છે તેમને પછી ઘરમાં રહેવું ગમતું નથી. ઘરમાં રહેવું તેમને બંધનરૂપ, આડખીલીરૂપ લાગે છે. ઘરમાં રહેનારાઓ સાથે તેમને આત્મીયતાનો અનુભવ થતો નથી.તે સૌમાંથી તેમનું મન નીકળી ગયું હોય છે. આ બંને લક્ષણો ભગવાનમાં આસક્તિ થવાનાં છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે વૃક્ષ ઉપર ફૂલ પછી ફળ બેસે છે. ફૂલ જ ફળનું રૂપ ધારણ કરે છે. તેમ આસક્તિ જ વધતાં વધતાં વ્યસન બની જાય છે. ભક્તને શ્રીકૃષ્ણનું વ્યસન થઈ જાય છે. જેમ વ્યસની માણસ પોતાના વ્યસન વગર રહી ન શકે, સવારે ચ્હા પીવાની ટેવ પડી હોય તેને દરરોજ સવારમાં ચ્હા વગર ચાલે જ નહિ, તેમ જે ભક્તને વ્યસન અવસ્થા સિધ્ધ થાય છે તેમને શ્રીઠાકોરજી વગર ઘડી પણ ચાલતું નથી. શ્રીઠાકોરજી વગર તેઓ બિલકુલ રહી શકતા નથી. આવી અવસ્થાને ભક્તિનું પરમ ફળ કહેવામાં આવે છે. આવો ભક્ત કૃતાર્થ થયો કહેવાય એમ શ્રીમહાપ્રભુજી કહે છે.

લૌકિક વ્યસનમાં ડૂબેલો માણસ તેમાંથી અનેક પ્રયત્નો પછી પણ બહાર આવી શકતો નથી. આવું લૌકિક વ્યસન નિષિધ્ધ છે. છોડવાની સલાહ આપવામાં આવે છે, પરંતુ અલૌકિક વ્યસન ઈચ્છનીય છે.

શ્રીકૃષ્ણમાં જ્યારે ભક્તનાં તન અને મન ડૂબી જાય, એક ક્ષણ માટે પણ તેને દુનિયાની બાબતોનો વિચાર ન આવે, તેનાં તન, મન, બુદ્ધિ અને ઈન્દ્રિયો શ્રીકૃષ્ણમય બની જાય, આવી અવસ્થાને વ્યસન અવસ્થા કહેવાય છે.

આ અવસ્થામાં ભક્તની મનરૂપી આંખો ખુલી જાય છે. તેના મનમાં-ચિત્તમાં-હૃદયમાં શ્રીઠાકોરજી વિપ્રયોગ ધર્મી સ્વરૂપે બિરાજે છે. તે સ્વરૂપની અનેક લીલાઓના અનુભવથી તેનું મન હંમેશા છલકાતું રહે છે. તેને બહારની દુનિયાનું કોઈ ભાન રહેતું નથી. આવી ભાવસ્થિતિને વ્યસન અવસ્થા કહેવાય છે.

તમે કહેશો કે આવી અવસ્થા કોઈ ભક્તને સિધ્ધ થઈ છે ખરી? હા થઈ છે. ગજનધાવન નામના એક ક્ષત્રિય વૈષ્ણવ હતા. શ્રીનવનીતપ્રિયજીની સેવા કરતા. ખૂબ પ્રેમથી સેવા કરતાં કરતાં તેમને શ્રીઠાકોરજીમાં એવી આસક્તિ અને વ્યસન થઈ ગયાં કે તેઓ શ્રીઠાકોરજી વગર એક ક્ષણ પણ રહી ન શકે. શ્રીનવનીતપ્રિયજી શ્રીગુસાંઈજીને ઘરે પધાર્યા પછી પણ ગજન મંદિરના દ્વાર પાસે બેસી રહે. મનથી શ્રીઠાકોરજી સાથે વાતો કર્યા કરે. તેમની લીલાઓનો અનુભવ કર્યા કરે. એકવાર શ્રીઅક્કાજીએ તેમને પાન લેવા મોકલ્યા, તો પાન લઈને આવતાં આવતાં રસ્તામાં શ્રીઠાકોરજી વગર બેભાન થઈને પડી ગયા. આ બાજુ શ્રીઠાકોરજી પણ એમના વગર ભોગ આરોગ્યા વગર બિરાજી રહ્યા. 'મારો ગજન આવશે પછી જ હું ભોગ આરોગીશ!' ભક્ત અને ભગવાન બંનેને એકબીજાનું કેવું વ્યસન!

એ જ રીતે રાજા આશકરણજીને પણ આવી વ્યસન અવસ્થા સિધ્ધ થયેલી. રાજા એકવાર સેવા કરતા હતા. મહેલમાં આવેલા ચોર લોકોએ તેમને પીઠમાં બાણ માર્યું. બાણ છાતી વીંધીને આરપાર નીકળ્યું. પણ રાજા સેવામાં એકદમ તલ્લીન હોવાથી, પ્રભુની લીલાના અનુસંધાનમાં મન ડૂબેલું હોવાથી આ બાણ વાગ્યાની કોઈ ખબર જ ન પડી!

આવી ભાવસ્થિતિને વ્યસન અવસ્થા કહેવામાં આવે છે. તેને જ શ્રીમહાપ્રભુજી 'સર્વાત્મભાવ' પણ કહે છે. જેને આવો સર્વાત્મભાવ આવે તેને ભગવાનની લીલાઓનો આનંદ હંમેશા મનમાં અનુભવાતો રહે છે. તેનું શરીર અને મન અલૌકિક બની જાય છે. જેને 'તનુનવત્વ' પણ કહેવામાં આવે છે. આવી અવસ્થા પરમ ફળરૂપ અવસ્થા છે. આવી અવસ્થા સિધ્ધ થવી એ પુષ્ટિમાર્ગનું પરમ ફળ છે. પ્રભુમાં મન પૂરેપૂરું લાગી જાય, બહારના જગતનું કોઈ ધ્યાન ન રહે, તે ઉપરાંત ભગવાનનું હૃદય પણ ભક્તના પ્રેમથી વીંધાઈ જાય, બંને એકબીજા વગર રહી ન શકે, આવી અવસ્થા, આવી સ્થિતિ, આવી તન્મયતા એટલે વ્યસન અવસ્થા.

આવા ભક્તને જોઈને બીજાઓને એમ લાગે કે એનું શરીર જડ બની ગયું છે, પરંતુ વાસ્તવમાં એને તો હૃદયમાં ભગવદ્ લીલાઓના આનંદનો અનુભવ થતો હોય છે, તેથી બહારથી જડતાનું લક્ષણ દેખાય છે.

આમ આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીએ વ્યસનનું સ્વરૂપ સમજાવ્યું. ભક્તિનું બીજ જેમ જેમ વિકાસ પામતું જાય તેમ તેમ ભક્તિ વધતી જાય. તે પ્રેમ, આસક્તિ અને વ્યસનનું સ્વરૂપ ધારણ કરે. વ્યસન એ ભક્તિનું પરમ શિખર છે. પુષ્ટિભક્તે અહીં સુધી પહોંચવાનું છે. સેવા અને કથા દ્વારા પ્રભુને ત્યાં સુધી રીઝવવાના છે, જ્યાં સુધી આ વ્યસન અવસ્થાની પ્રાપ્તિ ન થાય, વ્યસન અવસ્થા સિધ્ધ ન થાય.

શ્લોક : ૬

તાદૃશસ્યાપિ સતતં ગૃહસ્થાનં વિનાશકમ્ ।
ત્યાગં કૃત્વા યતેદ્યસ્તુ તદાર્થાર્થૈક માનસઃ ।।૬।।

સમશ્લોકી અનુવાદ :

અખંડ ગૃહમાં રહેવું તાદૃશીને ય નાશક.
કરી ત્યાગ મથે જેહ તે અર્થે એકચિત્તથી. ૬

શબ્દાર્થ :

તાદૃશસ્ય = તાદૃશીને; અપિ = પણ; સતતં = હંમેશા; ગૃહસ્થાનં = ઘરમાં રહેવું તે, વિનાશકમ્ = વિનાશ કરનારું છે, ત્યાગમ્ = ત્યાગ; કૃત્વા = કરીને; યતેત્ = પ્રયત્ન કરવો, તુ = તો, તદાર્થાથૈક માનસઃ = એ પ્રાપ્ત કરવામાં ચિત્ત રાખીને.

શ્લોકાર્થ :

તાદૃશીને પણ સતત ઘરમાં રહેવું એ વિનાશ કરનારું છે. તેથી ઘરનો ત્યાગ કરીને, ફળ પ્રાપ્ત કરવામાં ચિત્ત રાખીને પ્રયત્ન કરવો.

સમજૂતિ :

પાંચમા શ્લોકમાં શ્રીમહાપ્રભુજીએ ભક્તિની વ્યસન અવસ્થા વિશે સમજાવ્યું. વ્યસન-અવસ્થા એ ભક્તિનું પરમ ફળ છે. જેમને આવી વ્યસન અવસ્થા સિદ્ધ થાય છે, તેમને તાદૃશી વૈષ્ણવ કહેવામાં આવે છે.

તાદૃશી એટલે ભગવાનના જેવા, સદૃશ, સમાન, ભગવાનમાં છ દિવ્ય ધર્મો રહેલા છે. ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય આ છ યે ધર્મો આ તાદૃશી વૈષ્ણવમાં પણ પ્રગટ થાય છે. પરિણામે તેઓ ભગવાનની જેમ અલૌકિક સામર્થ્યવાળા બને છે.

હવે આ છઠ્ઠા શ્લોકમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે આસક્તિ દશામાં વૈષ્ણવે ઘરનો ત્યાગ કરવાની જરૂર નથી, પરંતુ વ્યસન દશામાં ભક્તને ગૃહસ્થાન હંમેશા ભગવદ્‌ભાવનો વિનાશ કરનારું બને છે. તેથી તેમને માટે સતત ઘરમાં રહેવું વિનાશ કરનારું છે.

તાદૃશી વૈષ્ણવ પ્રભુમાં તલ્લીન ચિત્તવાળા હોય છે. તેમને બાહ્ય જગતની કોઈ વાતનો ખ્યાલ હોતો નથી. આ સ્થિતિમાં ઘરમાં રહેવું તેમને માટે પ્રતિબંધરૂપ છે. જેમને તાદૃશી અવસ્થા પ્રાપ્ત થઈ છે, તેવા મનવાળા વૈષ્ણવોએ ઘરનો અવશ્ય ત્યાગ કરવો. ઘર અને પરિવાર છોડી એકાંતવાસ કરવો. કોઈનો પણ સંગ ન થાય તેવા સ્થાનમાં જઈને રહેવું. જેથી સતત પ્રભુચિંતન અને સ્મરણ થઈ શકે.

શ્લોક : ૭

લભતે સદૃઢાં ભક્તિં સર્વતોઽપ્યધિકાં પરામ્ ।
ત્યાગે બાધક-ભૂયસ્ત્વં દુઃસંસર્ગાત્તથાન્નતઃ ।।૭।।

સમશ્લોકી અનુવાદ :

તે સૌથી અધિકી પામે ભક્તિ સુદૃઢ ને પરમ.
દુષ્ટસંગ અન્નદોષ ત્યાગમાં થાય બાધક (૭)

શબ્દાર્થ :

લભતે = પ્રાપ્ત કરે છે; સુદૃઢામ્ = સુદૃઢ; ભક્તિં = ભક્તિ; સર્વતઃ = સર્વથી; અપિ = પણ; અધિકામ્ = અધિક; પરામ્ = ઉત્તમ;

ત્યાગે = ત્યાગ કરવામાં; બાધક ભૂયસ્ત્વં = ઘણાં વિઘ્નો થાય છે; દુ:સંસર્ગાત્ = દુષ્ટ સંગને લીધે; તથા = તેમજ; અન્નતઃ = અન્નને લીધે;

શ્લોકાર્થ :

તે સુદૃઢ અને સર્વથી પણ અધિક ઉત્તમ ભક્તિને પ્રાપ્ત કરે છે. સંગનો ત્યાગ કરવામાં દુષ્ટ સંગને લીધે તથા અન્નને લીધે ઘણાં વિઘ્નો થાય છે.

સમજૂતિ :

આ સાતમા શ્લોકમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ભક્તને વ્યસન અવસ્થા પ્રાપ્ત થતાં તેની ભક્તિ સુદૃઢ બને છે. તે સર્વ રીતે ઉત્તમ અને શ્રેષ્ઠ બને છે. આવો ભક્ત તાદૃશી ભક્ત કહેવાય છે.

ભક્તિની વ્યાખ્યા આપતાં દેવર્ષિ નારદે કહ્યું કે પ્રભુનું માહાત્મ્યજ્ઞાન થતાં પ્રભુમાં સુદૃઢ અને સર્વથી અધિક સ્નેહ થવો તે ભક્તિ છે. આવો સુદૃઢ અને સર્વથી અધિક સ્નેહ વ્યસન અવસ્થાવાળાને પ્રાપ્ત થાય છે.

શ્રીમહાપ્રભુજી આ શ્લોકની બીજી પંક્તિમાં એક ચેતવણી આપે છે કે જ્યાં સુધી વૈષ્ણવને આવી વ્યસન વ્યવસ્થા પૂર્ણ રીતે પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી વૈષ્ણવે ઘર કે પરિવારનો ત્યાગ ન કરવો. પ્રભુમાં પૂર્ણ પ્રેમ થયો ન હોય, મન સંસારમાં થોડું ઘણું પણ આસક્ત હોય ત્યારે ઘર અને પરિવારનો ત્યાગ કરવાથી તે ત્યાગ ભક્તિમાં બાધક બને છે. સાધક બનતો નથી.

આવી અધકચરી અવસ્થામાં કે અપરિપક્વ સ્થિતિમાં ઘરબાર છોડી નીકળી પડનાર વૈષ્ણવને બે પ્રકારના દોષ લાગુ પડે છે.

પહેલો દોષ દુ:સંગનો છે; કારણ કે જગતમાં સર્વત્ર ભગવદ્‌વિમુખ લોકોનું પ્રમાણ વધારે છે. સતત ફરતા રહેનારને દુ:સંગ થયા વિના રહે જ નહિ. દુ:સંગથી ભગવદ્‌ભાવ નાશ પામે છે.

બીજો દોષ અપ્રસાદી અન્નનો છે. ઘરબાર છોડી વિરક્ત અવસ્થામાં ફરનારને પેટ ભરવા માટે ગમે તેનું અન્ન લેવું પડે છે. વિરક્ત અવસ્થામાં

ભગવદ્ સેવા છૂટી જવાથી અસમર્પિત અન્નનું ભોજન કરવું પડે છે. તેનાથી ભગવદ્‌ભાવ નાશ પામે છે. કહેવત છે કે 'અન્ન તેવો ઓડકાર.' જેમનું અન્ન પેટમાં જાય તેના વિચારોની અસર તે અન્ન ખાનાર ઉપર અવશ્ય થાય.

આથી શ્રીમહાપ્રભુજી અહીં ચેતવે છે કે જ્યાં સુધી ભક્તિ સુદૃઢ ન થાય, શ્રીઠાકોરજીમાં સૌથી અધિક સ્નેહ ન થાય, ભક્તિની અપરિપક્વ અવસ્થા હોય, ત્યાં સુધી દુ:સંગ અને અસમર્પિત અન્નના દોષમાંથી બચવા માટે ગૃહત્યાગ ન કરવો. ઘરમાં રહીને શ્રીપ્રભુનાં યથાશક્તિ સેવા, સ્મરણ કરવાં.

શ્લોક : ૮

અતઃ સ્થેયં હરિસ્થાને તદીયેઃ સહ તત્પરૈઃ ।
અદૂરે વિપ્રકર્ષે વા યથા ચિત્તં ન દુષ્યતિ ॥૮॥

સમશ્લોકી અનુવાદ :

માટે રહેવું હરિસ્થાને, તલ્લીન તદીયો સહ,
કે સમીપે જ કે આઘે, જેમ છોવાય ચિત્ત ના. (૮)

શબ્દાર્થ :

અતઃ = તેથી; સ્થેય = રહેવું; હરિસ્થાનેઃ = હરિસ્થાનમાં; તદીયૈઃ = તદીયોની; સહ = સાથે; તત્પરૈઃ = તત્પર થઈને; અદૂરે = નજીક; વિપ્રકર્ષે = વધારે દૂર, વા = અથવા; યથા = જેવી રીતે; ચિત્તે = ચિત્તમાં; ન = નહિ; દુષ્યતિ = દોષ આવે.

શ્લોકાર્થ :

આથી હરિસ્થાનમાં તદીયો સાથે તત્પર થઈને, નજીક અથવા દૂર એવી રીતે રહેવું કે ચિત્તમાં દોષ ન આવે.

સમજૂતિ :

ભક્તિવર્ધિની ગ્રંથના આ આઠમા શ્લોકમાં શ્રીમહાપ્રભુજી ભક્તોને

પોતાની ભક્તિ અને ભગવાન પ્રત્યેનો પ્રેમ ટકી રહે, ભગવદ્ ભાવ ટકી રહે તે માટેનો ઉપાય બતાવે છે. કેટલીક વાર એવું બને કે પ્રભુની સેવા કરવા માટે ઘરના લોકો અનુકૂળ ન હોય અને ઘરમાં રહેવું મુશ્કેલ હોય તો શું કરવું તે બતાવે છે. આપશ્રી આજ્ઞા કરે છે કે આવા સમયે હરિસ્થાનમાં એટલે કે જ્યાં શ્રીઠાકોરજી બિરાજતા હોય ત્યાં જઈને રહેવું. શ્રીમહાપ્રભુજીએ પોતાના એક ગ્રંથમાં આવા હરિસ્થાનોનાં નામ પણ આપ્યાં છે. જેમકે જગન્નાથપુરી, શ્રીરંગનાથજી, પંઢરપુર વગેરે. નાથદ્વારા કે ગોકુળ પણ હરિસ્થાન કહેવાય. આવાં સ્થાનોમાં પણ એકલા ન રહેતાં તદીયોની સાથે રહેવું.

અહીં પ્રશ્ન થાય કે તદીય એટલે કેવા વૈષ્ણવ? તદીય એટલે પ્રભુના થઈને રહેનારા વૈષ્ણવ. બ્રહ્મસંબંધ લઈ જેઓ સમર્પિત જીવન જીવી રહ્યા છે, પૂર્ણ પ્રકારે સેવા કરી પ્રભુને સમર્પિત થઈને રહ્યા છે તેવા વૈષ્ણવ. આવા વૈષ્ણવની સાથે ભગવદ્સ્થાનમાં રહેવું. કેવી રીતે રહેવું? તો શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે પ્રભુના સેવા-સ્મરણમાં તત્પર થઈને રહેવું. વળી પ્રભુની સેવાની સાથે સાથે ભગવદીય વૈષ્ણવોની સેવા મળે તો તે પણ કરવી. ભગવદીયોની સેવાથી ભગવદીયોની કૃપા થાય છે. ભગવદીયોના સંગમાં રહેવાથી ભગવદ્ભાવ વધે છે અને દૃઢ થાય છે. ભગવદીયોની સેવા ન મળે તો ભગવદીયોનો સત્સંગ તો અવશ્ય શોધવો.

શ્રીમહાપ્રભુજી અહીં હરિસ્થાનમાં ભગદીયોની સાથે રહેવાની આજ્ઞા કરીને એક ચેતવણી પણ આપે છે. ભગવદીયોની સાથે રહેતાં રહેતાં ઘણીવાર તેમના દોષો આપણાથી જોવાઈ જતા હોય છે. દરેક મનુષ્યમાં કોઈને કોઈ દોષ તો હોય જ. જો ભગવદીયના દોષ જોઈએ તો આપણને તેમનામાં ભાવ ન રહે અને ભાવ વગર તેમની સેવા કે સત્સંગ થાય નહિ. તેથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ભગવદીયોની સાથે એટલું અંતર રાખીને રહેવું કે જેથી તેમનાં કાર્યો જોઈને આપણા મનમાં તેમના પ્રત્યે અભાવ ન આવે. જો નજીક રહેવાથી દોષ દેખાતા હોય તો થોડા દૂર રહેવું. જો દૂર રહેવાથી દોષ દેખાતા હોય તો થોડા નજીક જવું. કેટલા દૂર કે કેટલા નજીક રહેવું તેનો આધાર આપણા મનની સ્થિતિ ઉપર છે. ભગવદીયોની સાથે એટલા દૂર કે એટલા નજીક રહેવું કે જેનાથી આપણો ભગવદ્ભાવ જળવાઈ રહે, તેને પોષણ મળે. પોષણને બદલે જો શોષણ થતું હોય તો સાવધાન થવું.

શ્લોક : ૯

સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિર્દૃઢા ભવેત્ ।
યાવજ્જીવં તસ્ય નાશો ન ક્વાપીતિ મતિર્મમ ॥૯॥

સમશ્લોકી અનુવાદ :

સેવામાં કે કથામાંહી આસક્તિ જેહની દૃઢ.
માનું, ત્હેનો નથી નાશ કદી ક્યાંયે જીવ્યા સુધી (૯)

શબ્દાર્થ :

સેવાયામ્ = સેવામાં, વા = અથવા; કથાયામ્ = કથામાં; વા = અથવા; યસ્ય = જેની; આસક્તિઃ = આસક્તિ; દૃઢા = દૃઢ; ભવેત્ = થઈ હોય; યાવજ્જીવમ્ = જીવે ત્યાં સુધી, તસ્ય = તેનો; નાશઃ = નાશ; ન = નથી; ક્વાપિ = કોઈપણ રીતે; ઈતિ = એવો; મમ = મારો; મતિઃ = અભિપ્રાય છે.

શ્લોકાર્થ :

જેની સેવા અથવા કથામાં જીવે ત્યાં સુધી દૃઢ આસક્તિ થઇ હોય, તેના ભાવનો કોઈપણ પ્રસંગે નાશ થતો નથી એવો મારો અભિપ્રાય છે.

સમજૂતિ :

આ 'ભક્તિવર્ધિની' ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ ભક્તિ વધે તેના ઉપાય બતાવ્યા છે. આ નવમા શ્લોકમાં આપશ્રી સમજાવે છે કે ભગવાનમાં દૃઢ ભક્તિ થવાના બે માર્ગ છે. એક માર્ગ સેવાનો છે. બીજો માર્ગ કથાનો છે.

આગળ બીજા અને ત્રીજા શ્લોકમાં આપે આજ્ઞા કરી હતી કે જેમનું મન અવ્યાવૃત્ત બન્યું હોય, તેમણે સેવાનો માર્ગ સ્વીકારવો. સેવાની સાથે અનવસરના સમયમાં કથાશ્રવણ, સ્મરણ ઈત્યાદિ કરવાં. જેમનું ચિત્ત અવ્યાવૃત્ત ન થતું હોય, તેમણે કથાશ્રવણ, કીર્તન-સ્મરણનો માર્ગ સ્વીકારવો. આ બંને માર્ગોથી ભગવાનમાં નિરોધ અવશ્ય થાય છે. સેવા દ્વારા અથવા કથા દ્વારા ભગવાનમાં પ્રેમ અચૂક જાગે છે. સેવા અને કથા શ્રવણ વધતાં જાય તેમ તેમ ભગવાનમાં આસક્તિ પણ દૃઢ થતી જાય છે.

આનો અર્થ એવો થયો કે જેમનાથી સેવા નથી બનતી, તેમણે હતોત્સાહ થવાની જરૂર નથી. તેમણે કથાશ્રવણ, કીર્તન અને સ્મરણનો માર્ગ અપનાવી લેવો જોઈએ. પરંતુ મનને પ્રભુમાં જોડવા સતત પ્રયત્નશીલ તો રહેવું જ.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જેમની પ્રભુમાં આસક્તિ દૃઢ થાય છે, તે જીવાત્માનો ક્યારેય વિનાશ થતો નથી. અર્થાત્ તેને જન્મ મરણનાં બંધન રહેતાં નથી. તેને આ લોક અને પરલોકમાં અવશ્ય ભગવદ્ પ્રાપ્તિ થાય છે.

શ્રીમહાપ્રભુજી કહે છે કે આ મારો મત છે. મારો અભિપ્રાય છે. આમ શ્રીમહાપ્રભુજી આપણને વિશ્વાસ આપે છે કે તમારાથી સેવા બને તો સેવા કરો. સેવા અને કથા બંને થઈ શકે તો બંને કરો. એકલાં કથાકીર્તન થઈ શકે તો તે કરો. તમારાથી જે રીતે ભગવાનમાં સ્નેહ વધે, આસક્તિ વધે એવું અવશ્ય કરો. પ્રભુએ કૃપા કરીને મનુષ્ય દેહ આપ્યો છે, તેમાં પણ વૈષ્ણવ કુટુંબમાં જન્મ આપ્યો છે. બ્રહ્મસંબંધ થયું છે, વૈષ્ણવ બન્યા છો, પુષ્ટિભક્તિનું બીજ હૃદયમાં રોપાયું છે, ત્યારે તેને ઘટાદાર વૃક્ષમાં પરિવર્તિત કરવા સેવા અને કથાના બે માર્ગ પૈકી જે માર્ગની અનુકૂળતા હોય તે માર્ગ દૃઢતાથી પકડી લો.

શ્રીમહાપ્રભુજીએ આપણને વિશ્વાસ બંધાવ્યો છે કે જે ભક્તને સેવામાં આસક્તિ હોય તે સેવા કરે, કથામાં આસક્તિ હોય તે કથાશ્રવણ

કરે, બંનેમાં આસક્તિ હોય તે બંને કરે – આ બધા ભક્તોનું કદી અધઃપતન થશે નહિ. કાશીવાળા શેઠ પુરુષોત્તમદાસની બેટી રુક્મિણીની વાર્તા તમે જાણો છો. રુક્મિણી પોતાના સેવ્ય પ્રભુ શ્રીમદનમોહન-લાલજીની સેવામાં આખો દિવસ વ્યસ્ત રહેતાં. સવારે વહેલાં ઊઠી, નિત્યનિયમપૂર્વક સેવામાં નહાય. પ્રભુ માટે વિવિધ સામગ્રીઓ સિદ્ધ કરે. મંગળાથી રાજભોગ પર્યંત શ્રીપ્રભુની સેવા કરે. સુંદર સામગ્રીઓ આરોગાવે. વળી સાંજે પણ વહેલાં નહાઈને શ્રીપ્રભુને ઉત્થાપન થાય તે પહેલાં નિત્ય નૂતન સામગ્રીઓ સિદ્ધ કરે અને શયનભોગમાં આરોગાવે. કાશીમાં રહેતા હતાં, છતાં ૨૪ વર્ષ સુધી ગંગાસ્નાન કરવા જવાનો સમય તેમને મળતો જ નહિ. એકવાર શેઠ પુરુષોત્તમદાસે તેમને પૂછ્યું : 'બેટી રુક્મિણી, તને ગંગાસ્નાન કરવા માટે જતી મેં ક્યારેય જોઈ નથી. તું ક્યારે જાય છે?

'પિતાજી, મારે ગંગાસ્નાનનું શું કામ છે? મારા શ્રી મદનમોહન લાલજીની સેવામાં જ મારું ગંગાસ્નાન સમાઈ જાય છે.' શેઠે જાણ્યું કે મારી દીકરી પ્રભુની સેવામાં જ રત રહે છે.

આવાં રુક્મિણીબાઈ જ્યારે નિત્યલીલામાં પ્રાપ્ત થયાં ત્યારે કોઈએ શ્રીગુસાંઈજીને કહ્યું : 'રુક્મિણીજી ગંગા પામ્યાં.' ત્યારે શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી 'વૈષ્ણવ, એમ કહો કે ગંગાજી રુક્મિણીને પામ્યાં.'

આમ રુક્મિણીજી પ્રભુની સેવા દ્વારા મહાન ભગવદીય થયાં. આવી સેવા કરનારનું ભક્તિબીજ કોઈકાળે નષ્ટ થતું નથી. જેમની કથામાં આસક્તિ હતી તેવા દીનકરદાસ શેઠની વાર્તા પણ તમે જાણો છો. કથાશ્રવણમાં મોડું થઈ જશે એમ માનીને કાચી દાળ અને બાટી ખાઈને તેઓ શ્રીમહાપ્રભુજી પાસે કથા સાંભળવા આવેલા. શ્રીમહાપ્રભુજીએ જ્યારે આ વાત જાણી ત્યારે આજ્ઞા કરી કે, 'દિનકરદાસ, આજથી મારી કથાના મુખ્ય શ્રોતા તમે. બરોબર રસોઈ કરી, ભોગ ધરી, પ્રસાદ લઈને આવજો. તમે આવશો પછી જ હું કથા શરૂ કરીશ.'

કથામાં જેને આવી આસક્તિ હોય તેના ભાવનો પણ કદી નાશ થતો નથી.

શ્લોક : ૧૦

બાધસંભાવનાયાં તુ નૈકાંતે વાસ ઈષ્યતે ।
હરિસ્તુ સર્વતો રક્ષાં કરિષ્યતિ ન સંશયઃ ॥૧૦॥

સમશ્લોકી અનુવાદ :

બાધનો સંભવ હો તો એકાંતે વાસ ઈષ્ટ ના
હરિ તો સઘળે રક્ષા કરશે, નથી સંશય (૧૦)

શબ્દાર્થ :

બાધસંભાવનાયામ્ = વિઘ્ન સંભવે ત્યારે, તુ = તો; ન = નહિ; એકાંતે = એકાંતમાં; વાસ = વાસ; ઈષ્યતે = ઈચ્છવાયોગ્ય; હરિઃ = હરિ; તુ = પરંતુ; સર્વતઃ = સર્વ પ્રકારે, રક્ષામ્ = રક્ષણ; કરિષ્યતિ = કરશે; ન = નથી; સંશયઃ = સંશય.

શ્લોકાર્થ :

વિઘ્ન સંભવે ત્યારે એકાંતમાં વાસ ઈચ્છવા યોગ્ય નથી. પરંતુ હરિ સર્વ પ્રકારે રક્ષણ કરશે. એમાં સંશય નથી.

સમજૂતિ :

શ્રીમહાપ્રભુજીએ નવમા શ્લોકમાં બતાવ્યું કે ભક્તની સેવા કે કથા બંનેમાં કે બંનેમાંથી કોઈપણ એકમાં પણ જો આસક્તિ હશે તો તેની ભક્તિની વૃદ્ધિ જરૂર થશે. તેના ભાવનો કદી નાશ થશે નહિ.

હવે આ દસમા શ્લોકમાં શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે પુષ્ટિભક્તોએ કદી એકાંતવાસ ન કરવો. તેનાથી ભક્તિમાં બાધકપણું ઊભું થવાની સંભાવના રહે છે. ઘણીવાર ભકતને ઘરમાં ભક્તિમાં કોઈ વસ્તુઓ બાધક બનતી હોય છે. દા. ત. ઘરના લોકોનો સ્વભાવ અનુકૂળ ન હોય. ભોગવૃત્તિને કારણે ચિત્ત સેવામાં ન લાગતું હોય, ઘરની-કુટુંબની-આજીવિકાની વગેરે ચિંતાઓ સતાવતી હોય, ત્યારે તે ઘર છોડીને એકાંતવાસ કરવાનું ઈચ્છે છે.

આવા કોઈ બાધકથી કંટાળી ભક્ત ઘરનો ત્યાગ કરવાનું વિચારે છે. એકાંતમાં વસી ભક્તિ કરવાનું વિચારે છે, ત્યારે તેનો વિચાર શુભ હોવા છતાં શ્રીમહાપ્રભુજી તેને ચેતવે છે કે, ભાઈ, ઘરના પ્રતિબંધો-બાધકો સહન કરીને પણ તું ઘરમાં રહીને ભક્તિ કર. તારે માટે એ વધારે યોગ્ય છે. કારણ કે ઘર છોડીને જંગલમાં જઈશ તો ત્યાં પણ જંગલના બાધકો તો રહેવાના જ. વળી મન ચંચળ છે. એકાંતમાં પણ તે પ્રભુમાં લાગશે જ તેવું નક્કી કહી શકાય નહિ. એકાંત ક્યારેક ચિત્તને લૌકિક તરફ ઘસડી જાય છે; અથવા દુ:સંગને પ્રવેશવા દે છે. તેથી એકાંતવાસ અયોગ્ય છે. બાધકો સહન કરીને પણ ઘરમાં રહેવું ઈષ્ટ છે. માટે હંમેશા ભગવદીયોના સહવાસમાં રહેવું.

આ રીતે ઘરમાં, ભગદીયોના સહવાસમાં રહી શકાય તે રીતે રહેવામાં આવે તો એ પુષ્ટિભક્તની શ્રીહરિ સર્વ પ્રકારે રક્ષા કરશે, એમાં કોઈ સંશય નથી.

શ્રીહરિ પુષ્ટિભક્તોની બે પ્રકારે રક્ષા કરે છે. એક તો ભક્તિમાં આવતા પ્રતિબંધો કૃપા કરીને દૂર કરે છે. ભક્તિનો માર્ગ સુગમ બનાવી આપે છે. તેને લૌકિક પ્રતિબંધોથી બચાવે છે અને બીજું શ્રીહરિ પુષ્ટિભક્તનો ઉદ્ધાર કરી. પુષ્ટિભક્તિનું ફળ આપી તેની રક્ષા કરે છે.

શ્રીમહાપ્રભુજી આપણામાં શ્રદ્ધા જગાડે છે કે તમે ભક્તિમાર્ગે મારી આજ્ઞા પ્રમાણે ચાલતા રહો. સંદેહ રાખ્યા વગર ઘરમાં કે હરિસ્થાનમાં રહી પ્રભુની સેવા કરે જાઓ. બાકીનું બધું શ્રીહરિ સંભાળી લેશે. તમારે કોઈપણ પ્રકારની ચિંતા કે ઉદ્વેગ કરવાની જરૂર નથી. ભક્ત પ્રહ્‌લાદને અચલ શ્રદ્ધા હતી કે મારા ભગવાન મારી રક્ષા કરશે જ અને ભગવાને થાંભલામાંથી નરસિંહ રૂપ ધારણ કરી, પ્રગટ થઈ પોતાના ભક્તની રક્ષા કરી! દ્રૌપદીને પણ ભક્તાધીન ભગવાને નવસો નવાણું ચીર પૂરી ભરી

સભામાં તેની રક્ષા કરી હતી. જેમને પ્રભુમાં દૃઢ વિશ્વાસ હતો તેવા ભક્તોની પ્રભુએ હંમેશા લાજ રાખી છે. માટે શ્રીમહાપ્રભુજી કહે છે 'ન સંશયઃ' ભક્તની ભગવાન રક્ષા કરશે જ. એમાં જરા પણ શંકા નથી.

શ્રીમહાપ્રભુજીની આ વાણીમાં અડગ વિશ્વાસ રાખી, શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે, ઘરમાં રહી, અવરોધોનો સામનો કરી, અવરોધો શ્રીહરિની ઈચ્છાથી જ આવ્યા છે, આપણી કસોટી માટે પ્રભુએ ઊભા કર્યા છે, એવું વિચારી, અડગ મનથી, શ્રદ્ધા અને વિશ્વાસથી શ્રીપ્રભુનાં સેવા-સ્મરણ આનંદપૂર્વક કરવાં.

શ્લોક : ૧૧

ઈત્યેવં ભગવચ્છાસ્ત્રં ગૂઢતત્ત્વં નિરૂપિતમ્ ।
ય એતત્ સમધીયીત તસ્યાપિ સ્યાદ્ દૃઢા રતિઃ ॥૧૧॥

સમશ્લોકી અનુવાદ :

એમ આ ભગવત્શાસ્ત્ર વર્ણવ્યું ગૂઢતત્ત્વનું
જે એને અવધારી લે, ત્હેની ભક્તિ બને દૃઢ.

શબ્દાર્થ :

ઈતિ = આ પ્રમાણે; એવમ્ = આ; ભગવચ્છાસ્ત્ર = ભગવાનનું શાસ્ત્ર; ગૂઢતત્ત્વ = ગૂઢ તત્ત્વોવાળું, નિરૂપિતમ્ = સંપૂર્ણ રીતે કહ્યું છે; યઃ = જે; એતત્ = આનો; સમધીયીત = સારી રીતે અભ્યાસ કરશે; તસ્ય = તેને, અપિ = પણ; સ્યાદ્ = થશે; દૃઢા = દૃઢ; રતિઃ = ભગવાનમાં સ્નેહ.

શ્લોકાર્થ :

એમ આ પ્રકારે ગૂઢ તત્ત્વોવાળું ભગવાનનું શાસ્ત્ર સંપૂર્ણ કહ્યું છે. જે આનો સારી રીતે અભ્યાસ કરશે, તેને ભગવાનમાં દૃઢ સ્નેહ થશે.

સમજૂતિ :

શ્રીમહાપ્રભુજી 'ભક્તિવર્ધિની' ગ્રંથના આ છેલ્લા શ્લોકમાં આજ્ઞા કરે છે કે ભક્તિની વૃદ્ધિ કરનારું આ ભગવદ્ શાસ્ત્ર ભગવાન શ્રીકૃષ્ણમાં ભક્તિ વધારનારું છે, પરંતુ સાથે સાથે આ શાસ્ત્ર ગૂઢતત્ત્વવાળું છે. શબ્દોથી કે દૃષ્ટાંતોથી ગમે તેટલું સમજાવવામાં આવે તો પણ તે સમજાય તેવું નથી. કેવળ અનુભવથી જ એ સમજી શકાય.

વળી આ જે સિદ્ધાંતો કહ્યાં છે તે શ્રીમદ્ ભાગવતનું ગૂઢ તત્ત્વ છે. શ્રીમદ્ ભાગવત ભક્તિની સંહિતા છે. તેમાં ૧૮૦૦૦ શ્લોકોમાં ભક્તિનું નિરૂપણ થયું છે. એમાં ગૂઢરૂપે રહેલું જે સારતત્વ છે, તે આજ સુધી કોઈએ પ્રગટ કર્યું નથી. શ્રીમદ્ ભાગવત ઉપર અનેક ટીકાઓ લખાઈ છે. પરંતુ શ્રીભાગવતમાં રહેલું સિદ્ધાંતનું અમૃત શ્રીમહાપ્રભુજી સિવાય બીજું કોઈ તારવી શક્યું નથી. એ અમૃત તારવીને શ્રીમહાપ્રભુજીએ સુબોધિનીજીમાં પ્રગટ કર્યું છે અને સુબોધિનીજીનું એ સારતત્ત્વ શ્રીમહાપ્રભુજીએ આ દસ શ્લોકોમાં આપ્યું છે. તેથી પોતે સ્વયં આજ્ઞા કરે છે કે અહીં મેં ગૂઢ તત્વ પ્રગટ કર્યું છે.

છેલ્લી પંક્તિમાં શ્રીમહાપ્રભુજી આ ગ્રંથનું ફળ બતાવે છે. જે કોઈ આ ગ્રંથને સારી રીતે બુદ્ધિમાં ધારણ કરશે. સારી રીતે સમજશે અને તેનું ચિંતન કરશે, તે પ્રમાણે ચાલશે, વર્તન કરશે, તેની પ્રભુમાં રતિ અર્થાત્ પ્રેમલક્ષણા ભક્તિ દૃઢ થશે. આ ભક્તિવર્ધિની ગ્રંથના ચિંતન અને આચરણ બંનેથી ભગવદ્ પ્રેમ દૃઢ થાય. પ્રભુમાં પ્રેમ, આસક્તિ અને વ્યસન સિદ્ધ થાય. પુષ્ટિભક્તને તો આ જ કામના હોયને?

આમ શ્રીમહાપ્રભુજી આ ગ્રંથ દ્વારા પ્રભુનાં સેવા સ્મરણ કરી, પુષ્ટિભક્તિ એટલે કે પ્રેમલક્ષણા ભક્તિ દૃઢ થવાનો ઉપાય બતાવી, શ્રીમદ્ ભાગવતનું ગૂઢ તત્ત્વ નિરૂપી, ગ્રંથનું સમાપન કરે છે.

આ પ્રમાણે શ્રીમહાપ્રભુજી વિરચિત શ્રીભક્તિવર્ધિની ગ્રંથ સમાપ્ત થયો.

■

BHAKTIVARDHINI

Creation of the Granth.

This is the eleventh of the sodash *(sixteen)* granths created by Shri Mahaprabhuji. The number of shlokas *(stanzas)* is also eleven. Shri Mahaprabhuji has narrated here the means to increase devotion *(bhakti)* in our hearts.

Shri Mahaprabhuji created this granth for his disciple Shri Purshottam Joshi who stayed in village Vadali near Idar of Sabar Kantha Dist of Gujarat. He was Sanchora Brahmin. He used to go to the village pond for his trikaal sandhya*.

(*trikaal sandhya = a ritual performed by brahmins thrice a day).

Purushottam Joshi was a true devotee *(bhakt)*. He performed yagnas, recited His names, did Anusthans etc. Despite doing all these for many years, he did not derive satisfaction. His mind was full of queries (about adequacy and/or suitability of all these). However, he could not find anyone who would satisfy his queries/ clear his doubts.

Once he had gone for his regular sandhya to the pond. Incidentally, Shri Mahaprabhuji had also arrived there. Purushottam Joshi saw him. Joshi could find serene divinity in him. Mahaprabhuji also recognised the pious pushti soul *(shudh pushli jiv)* dwelling in Joshi.

Shri Puroshottam Joshi went to Mahaprabhuji and bowed to him with folded hands. Shri Mahaprabhuji also welcomed him warmly. Joshiji respectfully asked, "Maharaj, I am seeing you for the first time, I don't know who you are but I am impressed by your persona. I feel that you will be able to satisfy my queries and doubts. If you kindly permit me I may ask a question."

On getting a nod from Shri Mahaprabhuji, Joshi asked "Maharaj, which is greater *Karma Marg* (path of actions) or *Gyan Marg* (path of knowledge)? Which one is easier and better in reaching to Him?"

Mahaprabhuji replied, "All paths to reach Him are good and true, whichever suits one it is good for him. However, if you ask me I would say that the path of devotion *(Bhakti Marg)* is easier and better than both these."

Joshi got confused as till then he knew about *Karma Marg* and *Gyan Marg* only. He said "Maharaj, I know nothing about *Bhakti Marg*, please make me your disciple *(sevak)* and teach me the path of devotion." Shri Mahaprabhuji asked him to take a bath and gave him *Brahma Sambandh diksha* there and then. He created *Bhaktivardhini granth* and taught it to Joshi. An idol *(swaroop)* of Shri Krishna *(Shyam Sundarji)* was with the family of Shri Purushottam Joshi from ancient times; Shri

Mahaprabhuji made this *swaroop sevya* and taught him the *pushti marg's* method/ system of seva."

Purushottam Joshi stayed a while at Vadali and then shifted to Dwarika. He not only continued to chant and contemplate *Bhaktivardhini granth* but lived rest of his life according to its principles.

After a few years, he wrote in a letter to Shri Mahaprabhuji, "Maharaj, I have understood the path of devotion *(bhakti marg)* well. I liked it very much; it is suitable to my needs. Now my mind remains full of joy and happiness. Now there are neither doubts nor queries. Because of your kindness and grace *(krupa)* I am able to experience *lilas of Shri Thakoraji.*"

This is a true story. It shows that a seeker meeting a great soul *(mahatma, sage)* is a matter of His grace *(krupa)* and arising of queries and doubts in his mind is His special grace *(vishesh krupa)*. To be able to learn an easy path to reach to Him from such a noble soul is still bigger a matter of grace *(krupa)*. This Bhaktivardhini granth is for those seekers who want to attain God and want to learn the methods/means of the same. Though this granth was created by Shri Mahaprabhuji especially for Purushottam Joshi we have been benefited by it due to grace *(krupa)* of Mahaprabhuji and Purushottam Joshi. This granth was created before more than 500 years on the soil of Gujarat at Vadali. We should try to understand it with faith and trust *(shradha and vishvas)* and put its teachings in practice in our lives as much as we can.

Shloka-1

યથા ભક્તિઃ પ્રવૃધ્ધા સ્યાત્ તથોપાયો નિરૂપ્યતે ।
બીજભાવે દૃઢે તુ સ્યાત્ ત્યાગાચ્છ્રવણ-કીર્તનાત્ ॥૧॥

Meaning of words :

YATHA =as; **BHAKTI** = devotion; **PRAVRUDDHA SYAT** = increase; **TATHA** = that way; **UPAY** = means; **NIRUPYATE** = is being narrated/described; **BEEJ** = seed; **DRADHSHYAT** = becomes firm/strong; **TU** = Invariably; **TYAGAT** = Through renunciation; **SHRAVAN KIRTANAT** = through listening and reciting (of His virtues/ lilas).

Meaning of shloka :

The means to increase devotion *(bhakti)* to a good measure is being narrated/described here. When the seed of devotion gets invariably firmed up through renunciation, listening & recital *(of His virtues/ lilas)* devotion becomes stronger.

EXPLANATION :

Shri Mahaprabhuji says that the Bhaktivardhini granth is created by him for showing/describing means of increasing/fortifying devotion *(bhakti)*.

We adorn our necks with Tulsikanthi, say Jay Shri Krishna to one another, go to temple *(haveli)*: for darshan, offer a small bowl of boiled sugar *(mishri)*, recite some stotra or granth or do ashtakshar mala and in the end, pray god for fulfilling our worldly *(laukik)* needs. We do little service *(seva)* and make a big show or perform it for personal worldly gains or with a view to get rewarded by God. A question naturally arises "Whether this is the true devotion?"

No, it is not. It is only a facade, only external show. Then what is devotion *(bhakti)*? It means serving with love & affection. Here the word love/affection is important. There can be no devotion in absence of these. Service with love/affection only can be termed devotion. Just as a mother does everything for her child with affection or a wife serves her husband with love, similarly service unto God with such love and affection can only be termed devotion. Sacrificing own comfort/happiness for God with emotions full of preparedness of doing everything -even sacrificing oneself - for Him can only convert love for Him into real devotion*(bhakti)*.

But, here we have to remember that mere love is different from devotion *(bhakti)*. If someone has love/emotions for God but he does not perform His service *(seva)*, it is not a devotion. When the love for Him generated in our hearts gets translated in to service it becomes devotion. Our actions filled with love, affection and reverence for Him is devotion *(bhakti)*. True devotion demands total renunciation without expecting anything in return.

We have to do service *(seva)* with affection. It should also be with full realisation of His greatness. We have to always remember that "I am jiva, a small fraction of the God, separated from Him. He is my

lord/master and I am his slave/servant. After the separation I have forgotten Him. It is my utmost duty to perform service *(seva)* with total love, affection and feelings.

A question may arise as to why one needs to realise His greatness for devotion *(bhakti)*? If we know His greatness, we get attracted and attached to Him. Simultaneously attachment towards worldly things goes on diminishing.

